## પેજ3

# લાલબાગના રાજાના દરબારમાં 'કિંગ ખાન': પત્ની ગૌરી અને દીકરી સુહાના સાથે કર્યા ગણપતિ બાપાના દર્શન



મુંબઈ, તા. ૨૨ : ગણેશોત્સવની ચાલુ ઉજવણી વચ્ચે બોલિવૂડના સુપરસ્ટાર શાહરુખ ખાને તેમની પત્ની ગૌરી ખાન અને પુત્રી સુહાના ખાન સાથે મુંબઈના પ્રખ્યાત લાલબાગના રાજાનાં દર્શન કર્યાં હતાં. શાહરુખ, સુહાના અને ગૌરી સુરક્ષાકર્મીઓથી ઘેરાયેલા રહીને ભીડ વચ્ચેથી પંડાલ સુધી પહોંચ્યા હતા. તેમની સાથે એસ.આર.કે.ની મેનેજર પૂજા દદાલાની પણ હાજર હતી. લાલબાગના રાજાથી આવેલ વીડિયોમાં શાહરુખ ખાન પંડાલ તરફ આગળ વધી રહ્યો હતો ત્યારે ગૌરી ખાન અને સુહાના ખાનને ભીડથી બચાવતા નજરે પડ્યો હતો.ગણપતિ દર્શન માટે શાહરુખ\R, ગૌરી અને સુહાના પારંપરિક પોશાકમાં સજ્જ હતા.

# રાણી મુખર્જીનાં માતા કૃષ્ણા મુખર્જીનું 75 વર્ષની વયે અવસાન



મુંબઈ, તા. 22 : અભિનેત્રી રાણી મુખર્જીનાં માતા કૃષ્ણા મુખર્જીનું મંગળવારે 75 વર્ષની વયે અવસાન થયું છે. યશ રાજ ફિલ્મસે મંગળવારે, 22 સપ્ટેમ્બરના રોજ એક નિવેદનમાં આ સમાચારની પુષ્ટિ કરી છે. આ દુઃખની ઘડીમાં પરિવારે ગોપનીયતા જાળવવાની અપીલ કરી છે. તેમના મૃત્યુનું કારણ હજી સુધી જાહેર કરવામાં આવ્યું નથી. વાયઆરએફના નિવેદનમાં જણાવાયું છે કે, ''ભારે હૃદયથી અમે શેર કરીએ છીએ કે રાણી મુખર્જીનાં માતા કૃષ્ણા મુખર્જીનું આજે બપોરે અવસાન થયું છે. આ અપાર દુઃખના સમયમાં પરિવાર તમારા પ્રેમ, પ્રાર્થના અને સમર્થન માટે ઊંડી કૃતજ્ઞતા વ્યક્ત કરે છે અને આદરપૂર્વક ગોપનીયતા જાળવવાની વિનંતી કરે છે.''





# જાપાનમાં 'ડુજુઆન' વાવાઝોડાને લીધે ભૂસ્ખલનમાં 4નાં મોત

**ભારે** વરસાદ અને પૂરને કારણે 45,000 ઘરોમાં વીજળી ગુલ થઈ

**ભારે** વરસાદથી પૂરની સ્થિતિ વચ્ચે 6 લોકો લાપતા

ટોક્યો, તા. 22: જાપાનના પ્રશાંત મહાસાગર કાંઠે ત્રાટકેલા શક્તિશાળી 'ડુજુઆન' વાવાઝોડાને કારણે થયેલા ભૂસ્ખલનમાં 4 લોકોનાં મોત થયાં છે અને 6 લોકો લાપતા છે. જાહેર પ્રસારણકર્તા એનએચકેના અહેવાલ મુજબ, આ વાવાઝોડા અને ભારે વરસાદને કારણે આશરે 45,000 ઘરોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે.

કાંતો વિસ્તારના યોકોસુકા શહેરમાં ભૂસ્ખલન થતાં કાચા મકાનમાં માટી ધસી આવવાથી એક મહિલાનું મોત થયું હતું, જ્યારે કનાગાવા અને ચિબા વિસ્તારમાં અન્ય ત્રણ લોકોનાં મોત થયાં છે. પાટનગર ટોક્યોના દક્ષિણમાં આવેલા મિયુરા શહેરમાં રાહત અને બચાવ ટુકડીઓ મકાન પર ધસી આવેલો કાટમાળ હટાવીને લાપતા લોકોની શોધખોળ કરી રહી છે.

ટોક્યો ઈલેક્ટ્રિક પાવર કંપનીના જણાવ્યા મુજબ, વિસ્તારના હજારો ઘરો અંધારપટમાં ગરકાવ થઈ ગયા છે. ચિબાના સાકુરા શહેરમાં નદીઓ છલકાઈ જતાં રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. પૂર્વ એશિયાથી લઈને ઉત્તર અમેરિકા અને યુરોપ સુધી ગ્લોબલ વોર્મિંગના કારણે ચાલુ વર્ષે ભારે અતિવૃષ્ટિ અને વાવાઝોડાની ઘટનાઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.

# રાહુલ ગાંધીના કાર્યક્રમમાં મિમિક્રી: ધમકીઓ મળતાં કોમેડિયન પુલકિત મણિના ૩ શો રદ

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથેના એક કાર્યક્રમમાં દેખાયેલા કોમેડિયન પુલકિત મણિએ જણાવ્યું છે કે, ''ગુંડાગીરી કરનારા કાર્યકરો તરફથી વારંવાર મળતી ધમકીઓને કારણે નોઈડા, લખનઉ અને કાનપુરમાં તેમના આગામી સ્ટેન્ડ-અપ શો રદ કરવામાં આવ્યા છે. વિપક્ષી નેતાના ઈન્દોર ખાતેના 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમમાં વડા પ્રધાન મોદીની મિમિક્રી કર્યા બાદ મણિ મોટા વિવાદના કેન્દ્રમાં આવ્યો છે.

સોમવારે તેમની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પરની એક પોસ્ટમાં કોમેડિયને જણાવ્યું હતું કે, ''અણધાર્યા સંજોગોને કારણે તેમનો નોઈડાનો શો રદ કરવામાં આવ્યો છે. મણિએ પોસ્ટમાં લખ્યું હતું, ''મને ખેદ છે કે અણધાર્યા સંજોગોને કારણે નોઈડાનો મારો શો રદ કરવામાં આવ્યો છે. થયેલી અસુવિધા બદલ હું દિલગીર છું અને તમારા સહકાર તથા સમજણ બદલ આભાર માનું છું.'' આ પોસ્ટ ઈન્સ્ટાગ્રામની સ્ટોરીઝ પર ૨૪ કલાકની મર્યાદાને કારણે હવે ડિલીટ થઈ ગઈ છે. ત્યાર પછીની પોસ્ટમાં સ્ટેન્ડ-અપ કોમેડિયને તેમના લખનઉ અને કાનપુરના કાર્યક્રમો રદ કરવાની જાહેરાત કરી હતી.

# એન્જલ વનના સ્થાપક દિનેશ ઠક્કરે મુંબઈના જુહૂમાં 711 કરોડમાં આખો ટાવર ખરીદ્યો

**ભારતના** રિયલ એસ્ટેટ ઇતિહાસમાં વ્યક્તિગત આવાસ માટેનો આ સૌથી મોટો સોદો



મુંબઈ, તા. 22: દેશની અગ્રણી બ્રોકરેજ ફર્મ એન્જલ વનના સ્થાપક અને ચેરમેન દિનેશ ઠક્કરે મુંબઈના પોશ વિસ્તાર જુહૂમાં સી-ફેસિંગ આખો રહેણાંક ટાવર આશરે 711 કરોડ રૂપિયામાં ખરીદવા કરાર કર્યા છે. ભારતમાં વ્યક્તિગત આવાસ માટેનો આ અત્યાર સુધીનો સૌથી મોટો રિયલ એસ્ટેટ સોદો માનવામાં આવે છે.

એમ્બેસી ડેવલપર્સે મંગળવારે માહિતી આપી હતી કે જુહૂ તારા રોડ પર સ્થિત તેના અલ્ટ્રા-લક્ઝરી પ્રોજેક્ટ 'એમ્બેસી ટેરાઝા'માં એક ટાવરના વેચાણ માટે દિનેશ ઠક્કર સાથે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ગ્રાઉન્ડ પ્લસ 7 માળ ધરાવતા આ ટાવરનો કાર્પેટ એરિયા 63,000 ચોરસ ફૂટ છે. ઠક્કરે આ આલીશાન નિવાસસ્થાનનું નામ 'એન્જલસ' રાખ્યું છે અને તેઓ તેનો ઉપયોગ પોતાના પરિવારના રહેઠાણ તરીકે કરશે.

આ જાહેરાત બાદ એમ્બેસી ડેવલપર્સના શેરમાં 8.3 ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો.

દેશમાં ઉદ્યોગપતિઓ અને સુપર-રિચ શ્રેણીના લોકો તરફથી લક્ઝરી ઘરોની માંગમાં મોટો વધારો થયો છે. મુંબઈ આ ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે, જ્યાં દરિયા કાંઠએ આવેલા ઘરો કરોડો રૂપિયામાં વેચાઈ રહ્યા છે.

# ટેકનીકલ સમસ્યાને કારણે સમગ્ર ઉત્તરપૂર્વીય અમેરિકામાં ફ્લાઈટો ખોરવાઈ

**એર** ટ્રાફિક કન્ટ્રોલની કોમ્યુનિકેશન લાઇન ખોરવાઇ જતા સમસ્યા ઉભી થઇ

**ન્યૂયોર્ક** વિસ્તારના તમામ એરપોર્ટો તથા અન્ય એરપોર્ટોને પણ અસર, સેંકડો ફ્લાઇટો રદ, મોડેથી ફ્લાઇટો શરૂ થઇ

વોશિંગ્ટન, તા. ૨૨(એપી): ફિલાડેલ્ફિયામાં આવેલા એક મહત્વપૂર્ણ એર ટ્રાફિક કંટ્રોલ સેન્ટરની ક્ષતિગ્રસ્ત કમ્યુનિકેશન લાઈનોમાં મુશ્કેલી સર્જાતા કલાકો સુધી સર્જાયેલી વિક્ષેપની સ્થિતિ બાદ યુ.એસ. નોર્થઈસ્ટના (ઉત્તર-પૂર્વ અમેરિકા) વિમાનમથકો પર વિમાની સેવાઓ ખોરવાઈ ગઇ હતી.

સોમવારે આ આઉટેજને કારણે ન્યૂ યોર્ક સિટી વિસ્તારના દરેક મહત્વના એરપોર્ટ પર અસર પડી હતી, જેના લીધે નેવાર્ક લિબર્ટી ઈન્ટરનેશનલ એરપોર્ટની ૬૦૦થી વધુ ફ્લાઈટ્સ સહિત સેંકડો ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. ટ્રાન્સપોર્ટેશન સેક્રેટરી સીન ડફીએ એક ઓનલાઈન પોસ્ટમાં જણાવ્યું હતું કે સમારકામ થઈ ગયું હોવા છતાં હાલની તમામ વિલંબિત ફ્લાઈટ્સને પૂર્વવત સ્થિતિમાં લાવવામાં થોડો સમય લાગશે.

સોમવારે સવારે ફિલાડેલ્ફિયા સ્થિત ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) સુવિધાની મહત્વની કમ્યુનિકેશન લાઈન ત્યારે ખોરવાઈ ગઈ હતી, જ્યારે બેકઅપ ફાઈબર ઓપ્ટિક લાઈન રેલ્વે કામદારો દ્વારા આકસ્મિક રીતે કપાઈ ગઈ હતી. આ ખામીઓને કારણે એર ટ્રાફિક કંટ્રોલર્સ કલાકો સુધી રડાર કે સંચાર સંપર્ક વિના રહ્યા હતા. ફ્લાઈટ-ટ્રેકિંગ સાઈટ 'ફ્લાઈટરડાર24' મુજબ, આ સમસ્યાને કારણે નેવાર્ક ખાતે મોટાભાગના દિવસ દરમિયાન વ્યાપારી હવાઈ વાહનવ્યવહાર લગભગ ઠપ થઈ ગયો હતો. બાદમાં મળેલા અહેવાલ મુજબ ફ્લાઈટો શરૂ થઈ છે.

# સંસદમાં સસ્પેન્સ: 40 દિવસથી સ્થગિત સત્રનો અંત નહીં

**સંસદનું** સત્ર 13 ઓગસ્ટથી સ્થગિત છે અને હજુ તે વિધિવત સમાપ્ત જાહેર કરાયું નથી

**સરકાર** નવું સત્ર બોલાવ્યા વિના મહિલા અનામત સુધારા બિલ લાવવાની તૈયારીમાં હોવાની અટકળો

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): સંસદના ચોમાસું સત્રના બંને ગૃહો સ્થગિત કરવામાં આવ્યાના 40 દિવસ વીતી ગયા હોવા છતાં આ સત્ર સત્તાવાર રીતે સમાપ્ત કરવામાં આવ્યું નથી. આ સાથે જ સરકાર નવું સત્ર બોલાવ્યા વિના જ કોઈ મહત્વપૂર્ણ કાયદો લાવવા માગતી હોવાની અટકળો તેજ થઈ છે.

બંને ગૃહો સતત 40 દિવસ સુધી આ રીતે અનિશ્ચિતકાલીન સ્થગિત રહેવાનો આ એક નવો રેકોર્ડ છે. લોકસભાના ભૂતપૂર્વ મહાસચિવ પીડીટી આચારીએ જણાવ્યું હતું કે અગાઉ 2015માં જીએસટી કાયદા પર સહમતિ સાધવાના પ્રયાસો દરમિયાન સંસદના બંને ગૃહો 28 દિવસ સુધી આ રીતે સ્થગિત રાખવામાં આવ્યા હતા.

અહેવાલો અનુસાર સરકાર 2029ની લોકસભા ચૂંટણી પહેલા મહિલા અનામત કાયદાને અમલમાં લાવવા માટે એક નવો સુધારેલો ખરડો લાવવાની યોજના બનાવી રહી છે. બજેટ સત્ર દરમિયાન આ અગાઉનો પ્રયાસ બહુમતીના અભાવે નિષ્ફળ રહ્યો હતો. વસ્તી આધારિત સીટ સીમાંકનથી લોકસભાની બેઠકો ઘટવાની આશંકા ધરાવતા દક્ષિણ ભારતના વિપક્ષી દળોની ચિંતા દૂર કરવા માટે, સરકાર તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં બેઠકોમાં સીધો 50 ટકાનો વધારો કરવાનો પ્રસ્તાવ મૂકી રહી છે.

લોકસભા અને રાજ્યસભા બંનેને 13 ઓગસ્ટના રોજ અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરવામાં આવ્યા હતા. સામાન્ય રીતે સત્ર આગામી ત્રણથી ચાર દિવસમાં વિધિવત રીતે સમાપ્ત કરી દેવામાં આવતું હોય છે, પરંતુ આ વખતે મંગળવાર સુધી કોઈ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું નથી.

Government of India

Pradhan Mantri Jan Arogya Yojana
Ayushman Bharat
PM-JAY

ડોક્ટર સાહેબ,
આપ તરત સારવાર શરૂ કરો...
પૈસાની ચિંતા ના કરો

કેમકે હવે અમારી સાથે છે
આયુષ્માન ભારતનો ભરોસો

- 60+ કરોડ જરૂરિયાતમંદ લોકોને રૂ. 5 લાખ સુધીની મફત સારવાર
- 70+ વયના 6 કરોડ વૃદ્ધજનોને પણ આયુષ્માન ભારતની સુવિધા
- લાભાર્થીઓ માટે રૂ. 2 લાખ કરોડની સીધી બચત થઈ
- 13+ કરોડ હોસ્પિટલ એડમિશન

દેશભરમાં 38,000થી વધુ હોસ્પિટલોમાં સારવારની સુવિધા

1.86 લાખ આયુષ્માન આરોગ્ય મંદિરોમાં 60+ તપાસ અને 150+ દવાઓ ફ્રી

લાભાર્થીઓને પોતાના રાજ્યની બહાર પણ દેશના કોઈપણ ભાગમાં સારવારની સુવિધા

કેન્સર, હાર્ટ અને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ જેવી ગંભીર બીમારીઓ માટે પણ 100% કવરેજ




CBC 17180/13/0009/2627

પોતાની પાત્રતા અત્યારે જ તપાસો: આયુષ્માન એપ | beneficiary.nha.gov.in ટોલ-ફ્રી 14555